# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૦ તા.૩-૧૨-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- ખરી કમાઈ સપ્તાહની ઉજવણી કરવા બાબત.**

આથી સ્કાઉટીંગ પ્રવૃત્તિ ચલાવતી તમામ શાળાઓને જણાવવાનું કે ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ દ્વારા પ્રતિ વર્ષ સ્કાઉટ-ગાઈડ ખરી કમાઈ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. તેજ રીતે વર્ષ-૨૦૧૬-૧૭ માટે પણ સ્કાઉટ-ગાઈડ ખરી કમાઈ સપ્તાહની ઉજવણી સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ છે. તેથી આપણા અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડ જિલ્લા ભારત સ્કાઉટ-ગાઈડ સંઘ દ્વારા આપણી તમામ શાળામાં તા.૫-૧૨-૧૬ થી તા.૧૨-૧૨-૧૬ દરમ્યાન ખરી કમાઈ સપ્તાહની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. ઉપરોક્ત તારીખ દરમ્યાન સ્કાઉટ-ગાઈડ ખરી કમાઈ સપ્તાહ ખૂબજ સારી રીતે ઉજવાય તે માટે તમામ શાળાના મુખ્ય શિક્ષકે આયોજન કરવું.

સ્કાઉટ પ્રવૃત્તિમાં ખરી કમાઈ સપ્તાહએ પાયાનો ધ્યેય હોઈ સ્કાઉટ-ગાઈડને જાત--મહેનતનું મહત્વ સમજાય તે માટે સાપ્તાહિત આયોજન કરવું. તેના ઉદ્‌ઘાટન અને પુર્ણાહુતિ સમારોહનું આયોજન કરવું. ખરીકમાઈ સપ્તાહનો ઉદ્દેશ વિદ્યાર્થી જીવનમાં શ્રમનું મહત્વ સમજે વ્યક્તિ મહાન નથી, કાર્ય મહાન છે. નાનામાં નાનું મહેનતનું કામ કરી મનુષ્યમાં રહેલ અહમને દૂર કરવાનો આશય જ આની સફળતા છે. દરેક ટ્રુપ, કંપનીના બાળકો જાત મહેનત કરી ખરી કમાઈ કરવાની છે.

દરેક ટ્રુપ, કંપની ઓછામાં ઓછા ૨૫૦/- કે તેથી વધુ ખરી કમાઈ કરે. બાળકોને દળ પ્રમાણે ખરી કમાઈ કરવા માટે આયોજન કરવું. જેમા રિશેષ દરમ્યાન શાળામાં યોગ્ય સ્થાનમાં સ્ટોલ લગાવી પોતાની આગવી સુજથી અલગ-અલગ પ્રકારની વસ્તુઓ ખરી કમાઈ સ્ટોલમાં મુકવી જેથી શાળાના બાળકો સરળતાથી ખરીદી શકે સ્ટોલનું સંચાલન સ્કાઉટ/ગાઈડનાં બાળકો ગણવેશમાં કરશે. સ્ટોલમાં શાળાનું બેનર અવશ્ય લગાવવું.આ ઉજવણીમાં મુ.શિ. તથા તમામ શિક્ષકોએ પુરતો સહકાર આપવો.

તા.૫-૧૨-૨૦૧૬ થી તા.૧૨-૧૨-૨૦૧૬ દરમ્યાન તમારી શાળામાં સ્કાઉટનાં હોદ્દેદારો, અધિકારીશ્રીઓ, સ્કૂલબોર્ડનાં સભ્યશ્રીઓ તેમની અનુકુળતા મુજબ મુલાકાત લેશે. સુંદર આયોજન કરી ખરી કમાઈ સપ્તાહની ઉજવણી કરશો.

દરેક સેના/કંપનીએ તા.૧૯-૧૨-૧૬ સુધીમાં વિગતવાર અહેવાલ,ફોટોગ્રાફ, ભરેલા કાર્ડ સાથે ખરીકમાઈની ૭૦% રકમ સ્કાઉટ ભવનમાં ૧૧ થી ૪ દરમ્યાન જમા કરાવી પહોંચ મેળવી લેવા ૩૦% રકમ શાળામાં સ્કાઉટના ખર્ચ માટે રાખી હિસાબો રાખવા.

નમૂના પ્રમાણે પત્રક બનાવી મુખ્ય શિક્ષકશ્રીના સહી સિક્કા કરાવી અહેવાલ સાથે લાવવું. વધુ વિગત કે માર્ગદર્શન માટે તમારા આસિ.ઓર્ગે.કમિશ્નરશ્રીઓને અથવા ઓર્ગે.કમિશ્નર (સ્કાઉટ ભવન) શ્રી કપૂરકુમાર આર. વર્માનો સંપર્ક કરવો. મોબાઈલ નં.-૭૨૨૭૮૦૩૬૭૮ સ્કાઉટ ભવન ફોન નં. - ०७९- २६६७०२४३.

| ક્રમ | શાળાનું નામ | સ્કાઉટર/ગાઈડર શિક્ષકનું નામ | સેના, કંપની, વૃંદનું નામ | બાળકની સંખ્યા | ૩૦% રકમ | ૭૦% રકમ | ૧૦૦% રકમ | રિમાર્ક |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |

તા. મુખ્ય શિક્ષકશ્રી

તા. ૩-૧૨-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી